પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૪૩ | ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૮, શુક્રવાર ; ફાગણ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાક.ની નાપાક હરકત : ઉરીમાં ફાયરિંગ

**સેના પર નિશાન તાકવા સ્નાઈપર્સ ગોઠવ્યા : પાક. આતંકીઓને આઉટસોર્સિંગ કરી આપે છે એક લાખનું ઈનામ : ઉરીમાં થયેલા ફાયરિંગમાં સરહદ નજીક રહેતાં ત્રણ ગ્રામવાસીઓ ઘાયલ**



શ્રીનગર,તા.૨૨

પાકિસ્તાને ફરી એક વખત સરહદ પર નાપાક હરકતો શરૂ કરી છે. ભારતે એક વખત ચેતવણી આપ્યાં છતા પાકિસ્તાને ઉરી સેકટરના ચરુંદામાં સીઝફાયરનું ઉલ્લંઘન કર્યુ છે. પાકિસ્તાન તરફથી થયેલાં ફાયરિંગમાં એક જવાન ઈજાગ્રસ્ત થયો હોવાની માહિતી મળી રહી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ બોર્ડર પર પાકિસ્તાન ભારતીય જવાનોને નિશાન બનાવવા માટે ૧૫૦ કરતાં વધારે આતંકીઓને સ્નીપર શૂટિંગ માટે ગોઠવ્યા છે. આ અંગે ભારતીય જવાનોને પણ એલર્ટ કરવામાં આવ્યાં છે. કાશ્મીરના બાંદીપોરા જિલ્લામાં ફાયરિંગનો અવાજ સંભળાયો હતો. જે બાદ સુરક્ષાકર્મીઓ અને આતંકીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ ગઈ હતી. પાકિસ્તાન દ્વારા સતત ફાયરિંગ કરવામાં આવે છે, જેનો ભારતીય જવાન જડબાતોડ જવાબ આપે છે. આ પહેલાં સોમવારે પણ પાકિસ્તાને ઉરી સેકટરમાં સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કર્યું હતું. આ દરમિયાન ભારતીય સેના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં પાકિસ્તાન બંકર ધ્વસ્ત થઈ ગયું હતું. જો કે આ વાતની કોઈ સત્તાવાર પુષ્ટી થઈ ન હતી.

● અનુસંધાન પાાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ઈડીએ નીરવ મોદી-મેહુલ ચોક્સીના શેર સીઝ કર્યા

પીએનબી કૌભાંડના મુખ્ય આરોપી નીરવ મોદી અને મેહુલ ચોક્સીના રૂ. ૧૦૦ કરોડના શેર અને મ્યુચ્યુઅલ ફંડને ઈડીએ સીઝ કર્યા છે. આ સાથે જ નવ જેટલી લકઝુરીયસ કારને પણ સીઝ કરાઈ છે.

### કોંગ્રેસ માટે ટૂંક સમયમાં અચ્છે દિન: શરદ પવાર

એનસીપીના શરદ પવારે રાજ ઠાકરેને કહ્યુ છે કે નરેન્દ્ર મોદી કરતાં રાહુલ ગાંધી સારા છે. કોંગ્રેસ માટે ટૂંક સમયમાં અચ્છે દિન આવી શકે છે.

### ગુજરાતમાં સી પ્લેન ટુરીઝમ પોલીસી શરૂ કરશે

ગુજરાતની વિધાનસભા ચૂંટણીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સી પ્લેનનો ઉપયોગ કર્યો હતો જેના પરીણામ સ્વરૂપ ગુજરાત સરકાર ટૂંક સમયમાં સી પ્લેન ટુરીઝમ પોલીસી શરૂ કરવા જઈ રહી છે.

### નવાઝ શરીફને પક્ષ પ્રમુખપદેથી હટવાયા

પાકિસ્તાનની સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે, પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફ હવે પાર્ટીનું નેતૃત્વ કરી શકશે નહીં. એટલે કે નવાઝ શરીફને સત્તાધારી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝના અધ્યક્ષ પદેથી બરખાસ્ત કર્યા છે.

## પાકિસ્તાનને સીઝફાયર તોડવું ભારે પડ્યું

# ભારતીય સેનાએ પાકના બે સૈનિકોને ઠાર માર્યા

શ્રીનગર,તા.૨૨

પાકિસ્તાન તરફથી સતત થઈ રહેલા સીઝફાયર ઉલ્લંઘનના જવાબમાં બીએસએફ અને સેના તરફથી પાકિસ્તાનને જડબતોડ જવાબ આપવામાં આવ્યો છે. પાકિસ્તાન તરફથી બુધવારે સાંજે કુપવાડામાં થયેલા સીઝફાયર ઉલ્લંઘનની ઘટના બાદ બીએસએફની જવાબી કાર્યવાહીમાં બે પાકિસ્તાની સૈનિકોને ઠાર મારવામાં આવ્યા છે. આ ઘટનાની જાણકારી આપતા કાશ્મીરમાં બીએસએફના આઈજી સોનાલી મિશ્રાએ સેના-બીએસએફની કાર્યવાહીની સ્પષ્ટતા કરી છે. પાકિસ્તાની ફોજના ફાયરિંગ બાદ સેના-બીએસએફની સંયુક્ત કાર્યવાહી વિશે જણાવતા બીએસએફના આઈજી સોનાલી મિશ્રાએ કહ્યું, 'પાકિસ્તાન નથી ઈચ્છતું કે એલઓસી અને ભારતીય વિસ્તારોમાં શાંતિનો માહોલ બનેલો રહે. આ કારણે તેની સેના સતત સીઝફાયરનું ઉલ્લંઘન કરી રહી છે. પાકિસ્તાન તરફથી બુધવારે સીઝફાયર ઉલ્લંઘનની એક ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો.

## આર્થિક આધાર પર અનામત રહે તે જરૂરી છે : શરદ પવાર

નવી દિલ્હી, તા. ૨૨

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવારે મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેને આપવામાં આવેલા એક પબ્લિક ઈન્ટરવ્યુમાં અનામતના મુદ્દા ઉપર મોટી વાત કરી હતી. પવારે કહ્યું હતું કે, અનામત આર્થિક આધાર પર આપવામાં આવે તે જરૂરી છે. મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયના લોકો પણ નોકરીમાં તથા શિક્ષણમાં અનામતને લઈને લાંબા સમયથી માંગ કરી રહ્યા છે જે પવારની વોટબેંક પણ છે. ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં આને લઈને મુકમોરચાનું આયોજન કરવામાં આવ્યું હતું. પુણેમાં આયોજિત એક કાર્યક્રમમાં શરદ પવારે રાજ ઠાકરેને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, અનામતનો મુદ્દો ખુબ જ સંવેદનશીલ છે. દલિત અને આદિવાસીઓને અનામત મળે તે ખુબ જરૂરી છે. આમા કોઈ બે મત નથી પરંતુ અલગ અલગ જાતિઓના લોકોને અનેક જગ્યા પર અનામત માટે રેલીઓ કાઢવી ન પડે તેવા પ્રયાસ થવા જોઈએ.

# પીએનબી કાંડ સંદર્ભે નવ મોંઘી કાર જપ્ત



**મેહુલ ચોક્સી ગ્રુપ સામે પણ જોરદાર તપાસ જારી : પંજાબ નેશનલ બેંકના ૧૧૩૦૦ કરોડ રૂપિયાના કૌભાંડના પ્રમુખ આરોપી નિરવ મોદી પર સકંજો વધુ મજબૂત : સીબીઆઈ, ઇડી, ઇન્કમટેક્સ સક્રિય**

નવી દિલ્હી,તા. ૨૨

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૧૧૩૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક છેતરપિડી કોંભાડના મામલે વ્યાપક દરોડાનો દોર જારી રહ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઈ અને આવકવેરા વિભાગ દ્વારા વ્યાપક તપાસ કરવામાં આવી રહી છે. કેટલીક નવી વિગત સપાટી પર આવી શકે છે. અબજોપતિ ડાયમંડ કારોબારી નિરવ મોદી સામે સતત પગલા લેવામાં આવી રહ્યા છે. તેમની કંપનીઓની સાથે સાથે આજે ઈડીએ નિરવ મોદી અને તેમની કંપનીઓની નવ ખુબ મોંઘી કાર જપ્ત કરી હતી. આ કારમાં આશરે છ કરોડની કિંમત ધરાવતી રોલ્જ રોયલ ઘોસ્ટ પણ સામેલ છે. આ પહેલા મંગળવારના દિવસે

● અનુસંધાન પાાન-૭ પર

# મેઘાલયમાં ભાજપને સેવાની એક તક આપવા મોદીની અપીલ

**મેઘાલયમાં કોંગી સરકાર કમિશન વિના કોઇ કામ કરતી નથી મેઘાલયના ફુલબારીમાં મોદીએ આક્રમક જાહેરસભા કરી : મેઘાલયમાં વધુને વધુ પ્રવાસીઓ પહોંચે તેવા તમામ પ્રયાસો કરાશે : મોદી**

નવીદિલ્હી, તા. ૨૨

મેઘાલયમાં વિધાનસભાની ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહે તમામ તાકાત લગાવી દીધી છે. ઉત્તર પૂર્વમાં ભાજપની તાકાત વધારવાના તમામ પ્રયાસો થઈ રહ્યા છે. આના ભાગરુપે આજે મોદીએ જોરદાર રેલી મેઘાલયના ફુલબારીમાં યોજી હતી જેમાં કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, મેઘાયલમાં કોંગ્રેસની સરકાર કમિશન વગર કામ કરતી નથી. મેઘાલયના ભાવિને બદલવાનો અને પરિવર્તન લાવવાનો સમય હવે આવી ગયો છે. શાસક પાર્ટીને ઘણા સમયથી લોકોએ માફી આપી છે પરંતુ રાજ્યમાં કોઈ પરિવર્તન લાવી શકી નથી. સબકા સાથ સબકા વિકાસની વિચારધારા સાથે આગળ વધવાનો હવે સમય આવી ગયો છે. રાજ્યના લોકોને મોદીએ એક વખતે ભાજપને તક આપવા અપીલ કરી હતી. ગુડ ગવર્નન્સની વાત મોદીએ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તેઓ માને છે કે જુના પત્તા અને ખરી રહ્યા છે અને પડી રહ્યા છે. કમળ રાજ્યમાં પણ ખિલશે. એક્ટ ઈસ્ટ પોલિસીને મજબૂત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. રાજ્યમાં લોકો માટે વ્યાપક તક મળશે. સમગ્ર ઉત્તર પૂર્વમાં સમૃદ્ધિ આવશે. મેઘાયલ પ્રવાસના ક્ષેત્રમાં ઘણી કુશળતા અને ક્ષમતા ધરાવે છે પરંતુ પ્રવાસીઓ પુરતી સંખ્યામાં આવતા નથી. કોઈપણ સેક્ટરમાં મજબૂતી સાથે કામ થઈ રહ્યું નથી. પ્રવાસના ક્ષેત્રમાં વ્યાપક ઉદાસીનતા દેખાઈ રહી છે. વધુને વધુ પ્રવાસીઓ મેઘાલયમાં પહોંચે તેવા પ્રયાસ અમારી સરકાર કરશે.

## વ્યાજદરમાં ઘટાડો છતા ઈપીએફમાં રોકાણ સર્વશ્રેષ્ઠ

નવીદિલ્હી,તા. ૨૨

ઈપીએફઓ દ્વારા વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો હોવા છતાં હજુ પણ મૂડીરોકાણના સૌથી સારા વિકલ્પ તરીકે આને ગણવામાં આવી શકે છે. કર્મચારી ભવિષ્ય નિધીમાં રોકાણ હજુ પણ સર્વશ્રેષ્ઠ છે. જાણકાર લોકોનું કહેવું છે કે, નોકરિયાત વર્ગ માટે કર્મચારી ભવિષ્ય નિધી અથવા તો એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડમાં મૂડીરોકાણ ખુબ જ લાભકારક સાબિત થયા છે. ઈપીએફ સરકારની સાથે સાથે પ્રાઈવેટ ક્ષેત્રના કર્મચારીઓ માટે પણ ફરજિયાત છે. એક કર્મચારી માટે પીએફ તરકે જમા થતી રકમ તેના ભવિષ્યન દ્રષ્ટિએ ખુબ મહત્વપૂર્ણ સાબિત થાય છે.

## પરમાણુ હથિયાર લઈ જવા સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરિક્ષણ

ન્યુ દિલ્હી,તા.૨૨

ભારતમાં દેશમાં નિર્મિત અને પરમાણુ હથિયારે લઈ જવા માટે સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનુ સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. ૩૫૦ કિલોમીટર દૂરથી હુમલો કરવાવાળી આ મિસાઈલનું પરીક્ષણ ઓરિસ્સામાં કરવામાં આવ્યું હતું.

# બેસણું - શ્રદ્ધાંજલી સભા

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ॥
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥ १५-६ ॥

પ્રકાશના પરમ ધામને, જેને સૂર્ય, ચંદ્ર કે અગ્નિ નથી પ્રકાશિત કરી શકતા, ત્યાં પહોંચવાથી મનુષ્યને પરમ પદની પ્રાપ્તિ થાય છે.

એક અક્ષર 'મ' લખ્યો ને આશ થઇ,
એ પછી કાનો લખ્યો ને હાશ થઇ.
શું કરું વર્ણન, શું વિસ્તારી શકું?
લ્યો, અમારી બા હવે આકાશ થઇ.



**સ્વ. હીરાલક્ષ્મી ભુપતરાય જોષી**

(ઔદીચ્ય ખરેડી બ્રાહ્મણ)નો

તારીખ : ૨૧/૨/૨૦૧૮ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.
તેમનું બેસણું નીચે મુજબ રાખેલ છે.

**તારીખ ૨૩/૨/૨૦૧૮ શુક્રવાર,
સમય : સવારે ૮ થી ૧૧
કોમન પ્લોટ, જાગૃતિપાર્ક સોસાયટી,
સેકટર ૩૦, ગાંધીનગર**

સ્વ. નલિનીબેન ભુપતરાય જોષી (પુત્રી)

શ્રીમતી સરોજબેન વિજયકુમાર ત્રિવેદી (પુત્રી) — શ્રીમતી ભાવનાબેન ઉપેન્દ્રકુમાર વ્યાસ (પુત્રી)
ડો. મુકેશ ભુપતરાય જોષી (પુત્ર) — શ્રીમતી તૃપ્તિ મુકેશભાઇ જોષી (પુત્રવધૂ)
શ્રીમતી ગૌરવી સન્નીકુમાર વ્યાસ (પૌત્રી) — કુ. ઘોષા મુકેશભાઇ જોષી (પૌત્રી)

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

નૂતન ટ્રાવેલ્સ Since 1951
ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



*MRP (incl. of all taxes), Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079-23969055/56/57